દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૧૩ જુલાઈ, ૨૦૨૬

# જમ્મુ કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી હવે પાકિસ્તાન માટે માથાનો દુખાવો બની

જમ્મુ કાશ્મીર જોઈન્ટ આવામી એક્શન કમિટી જે ( JAAC ) તરીકે વધુ જાણીતી છે , તે પાકિસ્તાન પ્રશાસિત આઝાદ કાશ્મીરમાં સ્થિત એક પાયાનું નાગરિક-સામાજિક-રાજકીય સંગઠન છે. જેમાં વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો, વકીલો, વિદ્યાર્થીઓ અને અન્ય નાગરિક જૂથોના ગઠબંધન સક્રિય છે. તે સમાજના વ્યાપક વર્ગ માટે એક પ્લેટફોર્મ તરીકે વિકસિત થયું છે. જે આર્થિક અને શાસન માંગણીઓના મિશ્રણને અવાજ ઉઠાવે છે. આ સંગઠનની સ્થાપના 2023 માં કરવામાં આવી હતી અને તેની સ્થાપનાથી જ તેણે આઝાદ કાશ્મીર સરકાર સામે મોટા પાયે હડતાલ કરી છે. JAAC આંદોલન એક વ્યાપક 38-મુદ્દાના ચાર્ટર ઓફ ડિમાન્ડ્સ દ્વારા સંચાલિત છે. તેની બે મુખ્ય માંગણી છે. પહેલી માંગ એ છે કે, ઓક્યુપાય જમ્મુ અને કાશ્મીર ગ્રાહકો માટે વીજળીના દરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવે. જેની ગણતરી સ્થાનિક હાઇડ્રો-પ્રોજેક્ટ્સ જેવા કે મંગલા ડેમમાંથી ઉત્પન્ન થતી વીજળીના ઉત્પાદન ખર્ચના આધારે કરવામાં આવે અને પડોશી ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ઓફર કરવામાં આવતી સબસિડીવાળા ઘઉંના લોટના ભાવનો લાભ ઓક્યુપાઇડ જમ્મુ અને કાશ્મીરના લોકોને પણ મળી. માળખાકીય રીતે, આંદોલન રાજકીય વર્ગ અને અમલદારશાહી દ્વારા ભોગવવામાં આવતા લાભો અને વિશેષાધિકારોને નાબૂદ કરવા જોઇએ. ઉપરાંત AJK વિધાનસભામાં 12 બેઠકો દૂર કરવી જોઇએ જે હાલમાં ભારત-શાસિત જમ્મુ અને કાશ્મીરના પાકિસ્તાન-આધારિત શરણાર્થીઓ માટે અનામત છે. જાકની લોકપ્રિયતા ત્રણ જ વર્ષમાં એટલી વધી ગઇ છે કે, 5 જૂન 2026 ના રોજ આતંકવાદ વિરોધી કાયદા હેઠળ આઝાદ કાશ્મીર સરકારે તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, JAAC એ અગાઉ પોલીસ સાથે અથડામણ કરી હતી અને સ્થાનિક પોલીસકર્મીઓની હત્યા, અપહરણ અને ત્રાસ ગુજાર્યો હતો. આઝાદ કાશ્મીર સરકાર અને JAAC સભ્યોએ આ આરોપોનો વિરોધ કર્યો છે, JAAC એ આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાની સશસ્ત્ર દળો જેમાં પંજાબ રેન્જર્સના સભ્યોનો સમાવેશ થાય છે. તેમણે JAAC સભ્યોનું અપહરણ કરી, હત્યા કરી ત્રાસ ગુજાર્યો છે.

૨૦૨૬ ના આઝાદ કાશ્મીર વિરોધ પ્રદર્શનો, હડતાલ અને અથડામણોની શ્રેણી હતી જે જૂન ૨૦૨૬ માં સમગ્ર AJK માં થઈ હતી. આ વિરોધ પ્રદર્શનો મુખ્યત્વે JAAC દ્વારા પાકિસ્તાની પ્રાંતોમાં (AJK ની બહાર) રહેતા ભારતીય પ્રશાસિત કાશ્મીરના શરણાર્થીઓ માટે AJK વિધાનસભામાં અનામત ૧૨ બેઠકોનો વિરોધ કરવા માટે આયોજિત કરવામાં આવ્યા હતા. AJK સરકાર દ્વારા JAAC પર પ્રતિબંધ અને તેના નેતૃત્વ સામે સુરક્ષા કાર્યવાહી બાદ અશાંતિ વધી હતી. જૂન 2026 ની શરૂઆતમાં, આઝાદ જમ્મુ અને કાશ્મીરની સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે શરણાર્થી બેઠકો બંધારણીય માળખા હેઠળ સુરક્ષિત છે અને બંધારણીય સુધારા વિના તેને નાબૂદ કરી શકાતી નથી.

ચુકાદા બાદ, JAAC એ વિરોધ પ્રદર્શન અને મુઝફ્ફરાબાદ તરફ લાંબી કૂચની જાહેરાત કરી. ત્યારબાદ સરકારે JAAC ને પ્રતિબંધિત સંગઠન જાહેર કર્યું અને તેના ઘણા નેતાઓ સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી.

૮ જૂન ૨૦૨૬ ના રોજ, રાવલકોટ અને અન્ય સ્થળોએ વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ. પ્રદર્શનકારીઓએ રસ્તાઓ પર અવરોધો ઉભા કર્યા અને હડતાળનું આયોજન કર્યું, જ્યારે અધિકારીઓએ વ્યવસ્થા જાળવવા માટે પોલીસ અને અર્ધલશ્કરી દળોના કર્મચારીઓને તૈનાત કર્યા.

આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલો અનુસાર, અશાંતિ દરમિયાન ઓછામાં ઓછા અગિયાર લોકો માર્યા ગયા હતા અને ડઝનેક ઘાયલ થયા હતા. મોટાભાગની જાનહાનિ પૂંછ જિલ્લાના રાવલકોટમાં અથડામણ દરમિયાન થઈ હતી.

૯ જૂન ૨૦૨૬ ના રોજ, JAAC એ પ્રદેશ વ્યાપી હડતાળનું એલાન આપ્યું. મુઝફ્ફરાબાદ, પૂંછ, બાગ અને મીરપુર સહિત અનેક જિલ્લાઓમાં વાણિજ્યિક કેન્દ્રો, પરિવહન સેવાઓ અને બજારો બંધ રહ્યા. સમગ્ર પ્રદેશમાં સુરક્ષા પગલાં વધારી દેવામાં આવ્યા.

## કથા કથન

***સ્ટીફન ઝ્વેઇગએ 'Virat or the eyes of the undying brother' નામે એક લઘુનવલ લખેલી અને મંજુ ડગલીએ 'વિરાટ' નામે તેનો અનુવાદ કરેલો. ગીતાના સિધ્ધાંતોને આધારે લખેલી ઓસ્ટ્રિયન લેખકની એ લઘુનવલ દુનિયાના ચાળીસ જેટલા દેશોમાં અનુવાદિત થયેલી.***

***'વિરાટ' નવલકથામાંથી સારવેલા આ વાક્યો તમને ચિંતનના આગવાપણાથી વિચારતા કરશે.***

તલવાર એ બળનું પ્રતીક છે અને બળ એ સત્યનો શત્રુ છે.
**પૃષ્ઠ- ૧૨**

જીવન તો પરમાત્માએ આપેલી યાત્રા છે. માણસે ભગવાનની ચીજોમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ.
**પૃષ્ઠ- ૨૧**

જ્ઞાન પ્રત્યેની સતત જાગૃતિના મુકાબલે પાપ અને પાપનું પરિણામ તો કાંઈ જ નથી.
**પૃષ્ઠ- ૩૬**

નિયતિના માર્ગમાં જે કોઈ અવરોધ ઊભો કરે છે એ અપરાધ કરે છે.
**પૃષ્ઠ- ૪૨**

માત્ર એ જ મનુષ્ય ન્યાયપૂર્ણ અને નિષ્કલંક હોઈ શકે જે બધા પ્રકારનાં કર્મથી મુક્ત હોય અને એકાંતમાં એકલો રહેતો હોય.
**પૃષ્ઠ- ૪૩**

દુનિયામાં આટઆટલા સંઘર્ષો કેમ છે? શું કામ લોકો માલિકી માટે આટલા ઈર્ષ્યાળુ થઈને બીજાને ગળે ટૂંપો દે છે?
**પૃષ્ઠ- ૪૭**

સ્વાધીનતા એ માનવીનો સૌથી મોટો અધિકાર છે.
**પૃષ્ઠ- ૫૧**

પરમાત્મા પાસેથી પ્રાપ્ત થયેલો એક જ અધિકાર આપણી પાસે છે, એ છે જીવવાનો અધિકાર.
**પૃષ્ઠ- ૫૬**

એક પ્રામાણિક માણસ બીજા મનુષ્યના જીવનને જાનવરના જીવન જેવું ન બનાવી દઈ શકે.
**પૃષ્ઠ- ૫૬**

જે શાસન કરે છે એ બીજાની સ્વતંત્રતાનું હરણ કરે છે.
**પૃષ્ઠ- ૫૯**

એકાંતવાસી મનુષ્ય પોતાને જ બોધ આપી શકે, બીજાને નહીં.
**પૃષ્ઠ- ૬૫**

માત્ર ચિંતનમાં રત રહેનારના નિયમોમાં અને લોકોની વચ્ચે કાર્યરત રહેનારના નિયમોમાં ઘણો તફાવત છે.
**પૃષ્ઠ- ૬૭**

પ્રત્યેક શુભ કર્મ બીજાં લોકોમાં સારો ભાવ જગાડે છે અને સારા બનવાની ભાવના જાગૃત કરે છે.
**પૃષ્ઠ- ૬૮**

## કવિતા

માલા કાપડિયા

તું મને ચાહતો નથી.
હું જાણું છું
જે ચાહે છે
તે ન પણ ચાહે
જે કામ્ય છે
તે ત્યાજ્ય પણ બને
જે યાદ કરે છે
તે ભૂલી પણ જાય
'છે' અને 'નથી'ની
સંધિક્ષણ જેવો
એક સંબંધ
હોય તોય શું?
ન હોય તોય શું?

આથી જ
જાણું છું
તું મને ચાહતો નથી
છતાં
તું કારણ છે
મારા સાતત્યનું
જે નિરંતર ચિરંતન છે
નિરામય ભવોભવ છે.
જે
નથી
અને છતાં છે
ચિદાકાશમાં વિલસતું
ચિદાનંદરૂપે!

## હું પૂછું, તમે કહો

**(૧) રણજિતરામ વાવાભાઈ મહેતા જેમના મામા હતા એવા ધનસુખલાલ મહેતાએ ઘણાં નાટકો લખ્યાં છે, રૂપાંતર કર્યાં છે. 'અમે બધાં' ના સહલેખક અને 'સ્નેહનાં ઝેર', 'મનુની માસી' જેવાં લોકપ્રિય નાટકના આ લેખકનું વતન સુરત ખરું પણ જન્મ ક્યાં થયેલો?**
(ક) મુંબઈ (ખ) અમરેલી (ગ) નવસારી (ઘ) વઢવાણ

**(૨) કેતન મહેતા દિગ્દર્શિત 'ભવની ભવાઈ' ફિલ્મની પટકથા આપણા એક મહિલા નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યલેખકે લખી હતી. તેમનું નામ શું?**
(ક) વર્ષા અડાલજા (ખ) ધીરુબહેન પટેલ
(ગ) કુન્દનિકા કાપડિયા (ઘ) ઈલા આરબ મહેતા

**(3) મકરંદ દવે કવિ હતા, નવલકથા પણ લખી અને અધ્યાત્મ ચિંતક તરીકે પણ સુખ્યાત થયા. ગોંડલમાં જન્મેલા મકરંદ દવેને વલસાડ નજીક ધરમપુર પાસે એક આદિવાસી કલ્યાણ અને આધ્યાત્મિક કેન્દ્ર શરૂ કર્યું હતું. તેનું નામ શું હતું?**
(ક) કલ્યાણગ્રામ (ખ) શિલ્પગ્રામ
(ગ) નંદીગ્રામ (ઘ) ગ્રામલક્ષ્મી

**(૪) 'રાધાનું નામ તમે', 'દરિયામાં હોય એને મોતી કહેવાય', 'ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યા', 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' જેવા ગીતોનાં સ્વરકાર, 'કાશીનો દીકરો' ફિલ્મના સંગીતકારનું નામ શું?**
(ક) અમર ભટ્ટ (ખ) રાસબિહારી દેસાઈ
(ગ) અવિનાશ વ્યાસ (ઘ) ક્ષેમુ દિવેટીયા

**(૫) ઝવેરચંદ મેઘાણીની 'વેવિશાળ' નવલકથા પરથી એ જ નામે નાટકનું લેખન, દિગ્દર્શન, નિર્માણ અને અભિનય કરનાર અભિનેતા-દિગ્દર્શક કોણ?**
(ક) પ્રવીણ જોશી (ખ) મહેન્દ્ર જોશી
(ગ) અરવિંદ ત્રિવેદી (ઘ) ઉપેન્દ્ર ત્રિવેદી

**જવાબો**
૧-ઘ, ૨-ખ, 3-ગ, ૪-ઘ, ૫-ઘ

# લખવામાં ભુલાઈ ગયેલી જિંદગી યાદ આવતાં લખાયેલી આત્મકથા

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

ગુજરાતી સાહિત્યમાં પિતા-પુત્રી બંને નવલકથાકાર હોય ને લોકપ્રિય પણ હોય એવા ઉદાહરણમાં તો દરિયાઈસાહસ- નવલકથાકાર ગુણવંતરાય આચાર્ય અને તેમનાં દીકરી વર્ષા અડાલજા ને ઈલા આરબ મહેતા જ છે. (છે કોઈ બીજાં?... કહેજો.) વર્ષા અડાલજાએ 'પગલું માંડું હું અવકાશમાં' : સંસારે મુજ મુગ્ધ ભ્રમણ' નામે આત્મકથા લખી છે. ૧૦ એપ્રિલ ૧૯૪૦ માં જન્મેલાં વર્ષાબહેને જીવનના આઠ દાયકા જોયા -જીવ્યા. એ કાળ પરિવર્તન માનવજીવનનો વાણી-વ્યવહારમાં કેવો ઝીલાયો તે તો બીજા કોઈ લખનારા લખે તો લખે પણ લેખક પિતા અને ગૃહધર્મ બજાવતાં માતા સાથેનો સમય આ આત્મકથામાં અત્યંત સંવેદનશીલતા અને એ જીવન પ્રત્યેનો આદર-હૃદયની ઉષ્મા સાથે ખૂબ સરસ ઝીલાયો છે. પિતા વિશે તેઓ અલગથી વ્યક્તિચિત્ર લખી શક્યાં હોત પણ તે તો લખનારની પસંદગી થઈ! (લાભશંકર ઠાકરે 'બા' અને 'બાપા' વિશે અલગથી જીવનછબી લખી છે) ખેર! વર્ષાબહેને પિતાના એ બધા સંઘર્ષો જેમાં જામનગર, રાણપુર, મુંબઈ, રાજકોટ, ફરી મુંબઈ અને એમ બદલાતાં નિવાસસ્થાનો અને એ વચ્ચે 'સૌરાષ્ટ્ર'નાં તંત્રીય આરંભી પત્રકારત્વ વચ્ચે નવલકથાલેખનનો લેખકીય ઊર્જાભર્યા તબક્કાઓ અને તે વખતની કુટુંબની અને પિતાની મનઃસ્થિતિ વિશે ખૂબ જ ઉત્કટતાથી દીકરી વર્ષાબહેને લખ્યું છે. ગુણવંતરાયની દરિયાઈ કથાના લેખક તરીકેની સજ્જતા કઈ રીતે કેળવાયેલી તેના પણ સગડ તેમાં છે. કચ્છ-માંડવીમાં મોટા ભાઈને શિક્ષક તરીકે નોકરી મળતાં કિશોર ગુણવંત તેમની સાથે માંડવી આવ્યા ને દરિયા સાથે સંબંધ બંધાયો. તેમણે તો પછી રોઝી બંદર પર હાજરીપત્રક પૂરવાની નોકરીય કરી અને ત્યારે વહાણના અનેક પ્રકારો અને દરિયાપટના જીવનને જાણ્યું. વર્ષા અડાલજા પોતાના ડી.એન.એ. લોહીગત વારસો કહેવા દાદા અને પિતાની (અને બાની) પણ જીવનકથા આલેખે છે. ગુણવંતરાય આચાર્યજીએ ૧૯૬૫ના નવેમ્બરે છેલ્લી નવલકથાનું છેલ્લું પ્રકરણ લખી વિદાય લીધી ત્યાં જેને વર્ષાબહેન ખૂબ જ આદરભાવે 'ઈચ્છામૃત્યુ' તરીકે ઓળખાવે છે. વર્ષાબહેન લેખક પિતાનું ચિત્ર આ વિશે એક લસરકો પણ કરે છે, 'નાના ઓરડામાં, બારી પાસે આરામખુરશીમાં ગોઠણવાળો, પીળા ન્યૂઝપ્રિન્ટનાં કાગળોનાં પેડ નીચે લાકડાનું બોર્ડ ગોઠવી એ અવિરત લખતા. વહેલી સવારથી છેક સાંજના પાંચ છ વાગ્યા સુધી ભૂખ્યા. માત્ર ચા-ભેર. વરસનાં ત્રણસો પાંસઠ દિવસ. એક પછી એક નવલકથા, વાર્તા, લેખ, કૉલમ, રેડિયો નાટક, ફિલ્મોનાં સંવાદ--- '૧૯૩૭માં 'કોરી કિતાબ' એક જ રાતમાં લખેલી)





પણ વર્ષા અડાલજા સ્વયં પણ એવાં જ મોટાં લેખક છે, અભિનેત્રી છે, નાટ્યલેખિકા, વાર્તાકાર, પ્રવાસલેખિકા છે. 'છેવટનું છેવટ' ધીરુબહેન પટેલ જેનું શીર્ષક આપેલું તે 'મારે પણ એક ઘર હોય' (જે આઠ દિવસમાં લખાયેલી), 'રેતપંખી', 'આતશ', 'આનંદધારા', 'બંદીવાન', 'ખરી પડેલો ટુકડો', 'અણસાર'થી માંડી 'ક્રોસરોડ' સુધીની નવલકથાના સર્જન અને કેટલીક નવલકથા માટેના સંશોધનની કથા એ વાચક જાણે નવલકથાકારના વર્કશોપમાં પહોંચી જાય છે. વર્ષાબહેનનો વર્ષો સુધી રાંધવાના ગેસના ચુલાને લખવાનું ટેબલ બનાવેલું એ જાણી મન ચમકી ઊઠે. નવલકથાલેખન અને પત્રકારત્વ, ટી.વી. માટે અને નાટક માટેનાં લેખન સાથે જ તેઓ મહેન્દ્રભાઈ સાથેની ગૃહસ્થીને જીવ્યાં છે. બે દીકરી મોટી કરી અને પછી તો મોટો આધાર બની એ તોય વર્ષાબહેને પોતાની સ્વતંત્રતા જાળવી, લખવાના અવકાશની સાથે કઈ રીતે જીવ્યાં તે વાંચવું સાચે જ ચિત્તને સભર કરી દે છે. પોતાનો સંઘર્ષ એકદમ ખાસ છે એવો ભાવ જગાડ્યા વિના સહજભાવે તેઓ આ બધું લખે ત્યારે તેમના વ્યક્તિત્વની મૂળ ધરી વિશે માન જાગે. ફેમિનિઝમને લાવ્યા વિના તેઓ સ્ત્રી અને સ્ત્રીત્વના પ્રશ્નો ઊંડી ને પોતીકી સંવેદનાની ભૂમિકાએથી જ લખે છે. જેમ લેખક પિતાનું કઈ રીતે શોષણ થયું છે ને લેખિકા તરીકે પોતાના લેખનકાર્યનું પણ કેવું આર્થિક શોષણ થયું છે તે તેમણે સવાલદ્રષ્ટિથી નોંધ્યું છે.

વર્ષા અડાલજા છે તો આત્મકથા પણ નવલકથાની જેમ રસપ્રદ કથનથી લખાઈ હોય તેવી અપેક્ષા રહે અને તે અપેક્ષા સંતોષાય છે પણ સાવધાનીથી કહેવું પડે કે આત્મકથાની સાર્વજનિકતા જાળવીને તેઓ કથાપ્રસંગ કે સંઘર્ષ કે આનંદ યા દુઃખને લખે છે. તેમાં ઘણી વાર એવુંય જાણવા મળે જે અણધાર્યું હોય. 'ગાંઠ છૂટ્યાની વેળા' નવલકથા જે મહારાજનાં જીવન-કાર્ય પરથી લખાયેલી છે તેના પરથી હરિકિશન મહેતા નવલકથા લખવાના હતા. વર્ષાબહેને જાણ્યું તો તરત ફોન કર્યો તો હરિકિશનભાઈએ 'આજથી એ કથા તમારી, તમે લખશો, મને રાજીપો રહેશે એનો', 'બંદીવાન' નવલકથા અને 'આ છે કારાગાર' નિમિત્તે મુંબઈની આર્થર રોડ જેલની અને પાંજરા જેવામાં પુરાયેલી સેક્સવર્કર્સને પણ મળવાના અનુભવ અહીં છે.

પતિના અવસાન, બંને દીકરીઓ લગ્ન અને નોકરી-વ્યવસાય નિમિત્તે બહાર જતાં વર્ષા અડાલજા એકલાં પડે છે પણ પ્રતિકારબળ મોજૂદ છે, 'એક વખતનું કલરવતું, મને નાનું પડતું હતું રસોડું હવે સુવાંગ મારું જ હતું'. તેમણે ઘરની વસ્તુઓ પણ પાડોશીઓને, વૉચમેન, બિલ્ડિંગમાં સફાઈ કરનારાંઓને, શાક લાવતી બાઈને વહેંચી દીધાં. આ બધું સમ-સંવેદનશીલ વાચકને ડિસ્ટર્બ પણ કરશે પરંતુ વર્ષા અડાલજાની આત્મકથામાં સતત આપબળ પમાશે. પિતાનો વારસો તેમણે પોતાની રીતે આગળ વધાર્યો. વર્ષોથી તેઓ પણ સવારે ત્રણેક વાગ્યે ઊઠીને લખતાં રહ્યાં છે. જે ઉંમરે વિરામની કલ્પના હોય ત્યારે તેમણે 'ક્રોસરોડ' જેવી નવલકથા આપી છે. તેમાં તો ઘણાં સંશોધનની જરૂર હતી પણ 'દરિયાલાલ'નાં લેખકનાં દીકરી થાક્યાં નથી. ખૂબ લખનારાં વર્ષા અડાલજાનું આત્મનિવેદન છે, 'મારા લેખનને મિશે હું મારા કોશેટામાંથી નીકળી શકી એનો જ અપાર આનંદ'. 'મારી કલમ મને આંગળી પકડી જીવનની અનેક અપરિચિત કેડીએ દોરી ગઈ'. વર્ષા અડાલજાની નવલકથા વાંચી હોય, તેમણે લખેલા નાટક અને ટી.વી. શ્રેણી જોયા હોય, વાર્તાઓ વાંચી હોય તો આ આત્મકથા વાંચજો, એમનું લખેલું નવી દષ્ટિથી વંચાશે.


## લોકસાહિત્યની રસલહાણ કરાવતું પુસ્તક




દક્ષિણ ગુજરાતને અફસોસ છે કે તેની પાસે લોકસાહિત્યનો વારસો ઓછો છે. હા, એવું છે પણ સૌરાષ્ટ્ર-કચ્છ પાસે એવો વારસો છે તો ઝવેરચંદ મેઘાણી, દુલેરાય કારાણી, પુષ્કર ચંદાવરકર, નરોત્તમ પલાણ અને જોરાવરસિંહ જાદવ જેવા લોકસાહિત્યના સંશોધકો પણ તેમને મળ્યા. ૨૦૧૯માં પદ્મશ્રી સન્માન પામનારા જોરાવરસિંહ લોકકલા અને લોકસાહિત્યના ઝવેરી તરીકે ઓળખાયેલા. તેમનાં ઘણાં પુસ્તકોમાં 'લોકસાહિત્યનો વારસો' પણ એક છે. તેમાં તેમણે લોકસાહિત્યના ૨૨ લેખો અને બીજા ખંડમાં ચારણી અને પ્રાચીન સાહિત્ય હેઠળ આઠ લેખ સમાવ્યા છે. તેઓ પુસ્તકને ઉઘાડતાં લખે છે કે દેશ અને દુનિયાના બધાય ભાગોમાં વસતી પ્રજા પાસે પોતપોતાની ભાષામાં બોલીના વળોટ-પાશવાળું પરંપરાગત કંઠસ્થ રૂપનું સાહિત્ય હોય છે. એ ઉઘાડમાં જ લખે છે કે ગદ્યમાં કહેવાતી લોકવાર્તાઓ લોકભાષાની કલામય સમૃદ્ધિનું ભાન કરાવે છે, જ્યારે પદ્યમાં આવતાં લોકગીતો, કહેવતો, જોડકણાં, ઉખાણાં, હૂડલા, દુહા, રામવળા, ચંદવળા જેવાં લોકસાહિત્યનાં અંગો એવાં જ રસમય કરે છે. જોરાવરસિંહજીએ બહુ માણ્યું છે એટલે બહુ રંગ-રસથી લખે છે. જેમકે ફટાણાની જ વાત, 'આપણી ગામડાંની બાઇઓ બહુ ચતુર હોય છે. ફટાણાં ગાઇને તેઓ વરરાજા અને તેનાં કુટુંબીઓ અને અન્ય સગાંઓની સહનશીલતાની પરીક્ષા લે છે. સગાંસમદર પેટાં ન હોય તો ફટાણાં સાંભળતાંવેંત માંડવા નીચે જ જામી પડે! વિનોદ જોશીના એક ગીતમાં 'બરો મૂતર્યો બાપ' પંક્તિ હતી તો એ શું? જવાબ અહીં મળ્યો,'ઘણી વાર માનવીને તાવ આવે પછી મોંના એક ખૂણે ફોલ્લીઓ ઉપસી આવે છે એને લોકબોલીમાં 'બરો મૂતરી ગયો' કહે છે. બરાનું મૂળ સંસ્કૃતમાં જોવા મળે છે, 'જ્વરઃમૂર્તિમગત' જ્વર પરથી બરો શબ્દ આવ્યો છે. તાવને લોકબોલીમાં 'બરાગત' કહે છે.' આવા ઘણા રંગ તમને આ પુસ્તકમાં મળશે. તેમણે લગ્નગીતોમાં ફટાણાં લેખ બહુ મઝાથી લખ્યો છે પણ આજના ડીજેના જમાનામાં તે શું યાદ કરાવવો? એ જ રીતે હાલરડાં વિશે લેખ છે, 'સાવ રે સોનાનું મારું પારણિયું ને ઘૂઘરીના ઘમકાર બાળા પોઢો ને / ચારે પાયે ચાર પૂતળિયું / ને મોરવાયે બે મોર બાળા પોઢો ને રે, -' હવે આજે તો પારણાં નથી ને હીંચકવા દોરી નથી, ઘૂઘરી નથી ને ચાર પાયે ચાર પૂતળીવાળાં પારણાં ક્યાં છે? એ જ રીતે જોડકણાં વિશે છે - 'ચતુરાઈ ચારણની / રાત રજપૂતની / આશરો આહીરનો / રૂપ નાગરનું / આસન અવધૂતનું -- ' હવે બદલાયેલી સમાજતરાહમાં એ બધું ક્યાં શોધીશું? એ જ રીતે ખાયણાંઓ પણ છે, 'મારા તે બાપે ઊંડા કૂવામાં નાંખ્યા / ઉપર ઢાંકણ દીધાં / કે સુરત શહેરમાં...' કે પછી 'સાસુડી સાપણ ને નણંદી નાગણ / જેઠાણી વીંછણ કે લેતી જીવડો -- ' આ બધું આપણા એ સમાજ પાસે લઈ જશે, જે ખોવાયો છે. લોકસાહિત્યની મઝા એ જ છે કે તે આપણને લોકોએ સર્જેલો વારસો યાદ કરાવે છે. લોકવાર્તાઓ વિશેનો લેખ ખૂબ સમૃદ્ધ થયો છે. અહીં એવું ઘણું છે ને માણો તેવું છે.

**પુસ્તકઃ** લોકસાહિત્યનો વારસો **લેખકઃ** જોરાવરસિંહ જાદવ **પ્રકાશકઃ** ગુર્જર પ્રકાશન, ૨૦૨, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાબાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ **કિંમતઃ** રૂા-300/-

## ન્યૂઝ સેન્સ ડેવલપ કરવી છે




પત્રકારત્વમાં આવવા માંગતી નવી પેઢી પ્રિન્ટ મીડિયાથી વધારે ટી.વી. મિડિયા તરફ જવા ઉત્સુક છે. તેમાં એક પ્રકારનું ગ્લેમર પણ છે કે આપણને લોકો જોશે. ટી.વી. મીડિયામાં જો કે અનેક વિભાગ છે અને તમારે પસંદ કરવાનું છે કે શું કરીશું અને જે કરીશું તે માટે સજ્જ છે કે નહીં તે પ્રશ્ન પૂછવા સાથે કેવી રીતે સજ્જ થવું તેના માટે તૈયાર થવું.

દિનેશ દેસાઇનું 'ટી.વી. ન્યૂઝ, સ્ક્રિપ્ટ રાઇટીંગ' તેના શીર્ષક પરથી જ વિષય સૂચવે છે. સ્ક્રિપ્ટ રાઇટીંગ ખૂબ જ અગત્યનું છે અને તે માટે સહુથી પ્રથમ તો ભાષા આવડવી જોઈએ. પછી માધ્યમ ભાષાની સજ્જતા જોઈએ અને ત્રીજું મહત્ત્વનું તે જે વિષયના ન્યૂઝની સામગ્રી આવી હોય તેને ન્યૂઝમાં કેમ ઢાળવી તેની સંકલનશક્તિ હોવી જોઈએ. આ પુસ્તક વિઝ્યુઅલ એડિટીંગ વોઇસ ઓવર સ્ક્રિપ્ટ, ચીફ કોપી એડિટર, સીનિયર કોપી એડિટર, શિફ્ટવાઈઝ સીનિયર કોપી એડિટર, કોપી એડિટર જેવી વ્યાખ્યાને સ્પષ્ટ કરે છે અને પછી જે વિષયનું સ્ક્રિપ્ટ રાઈટિંગ કરવાનું હોય તેમાં કેવી કેવી માહિતી અનિવાર્ય છે તે જણાવે છે. એવા ન્યૂઝમાં બાઈટ લેવાના હોય તો કોના હોવા જોઈએ.

પુસ્તકના આરંભે પ્રદીપ મલ્લિક જેવાએ લખ્યું છે કે પત્રકારો મોટા ભાગે તેમના કથનને સારા પાવર પેક્ડ અને અસરકારક સ્ક્રિપ્ટમાં રૂપાંતરિત કરવા આજે ખૂબ સંઘર્ષ કરે છે. ડો. ધીમંત પુરોહિત પણ લખે છે કે ટી.વી. ન્યૂઝના લાઇવ રિપોર્ટિંગમાં લખ્યા વગર બોલવાની પણ આગવી કળા છે. વાત તો ટી.વી. ન્યૂઝ સ્ક્રિપ્ટ રાઇટીંગની છે અને તેમાં ટેકનીકલ આવડત સાથે વિષય સજ્જતા અને ઓછા શબ્દમાં અસરકારક રજૂઆત મહત્ત્વના છે.

ટી.વી. ન્યૂઝ સ્ક્રિપ્ટ રાઇટીંગમાં રસ ધરાવનારે આ પુસ્તક જોઇ જવું જોઇએ. હવે તો આ સ્ક્રિપ્ટિંગની આવડત મીડિયામાં પણ કામ લાગશે. જેનામાં ન્યૂઝ સેન્સ છે તેમની સેન્સ વધારે ડેવલપ થયેલી હોવી જોઇએ. દિનેશ દેસાઇનું પુસ્તક માસ કોમ્યુનિકેશન ભણતાં વિદ્યાર્થીઓને મદદ કરશે. મુદ્રણ માધ્યમો તો આજે પણ બળવાન છે અને ન્યૂઝ સેન્સ હશે તો ન્યૂઝનું મહત્ત્વ સમજતાં કોઇ પણ માધ્યમમાં ઉપયોગી નીવડશે.

**પુસ્તકઃ** ટી.વી. ન્યૂઝ, સ્ક્રિપ્ટ રાઇટીંગ, **લેખકઃ** દિનેશ દેસાઇ **પ્રકાશકઃ** રન્નાદેપ્રકાશન. ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ **કિંમતઃ** ૩૦૦/-

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### કુદરતી અને માનવ સર્જિત આફત વચ્ચેનો ભેદ

આફતના બે જ પ્રકાર રહેલા છે! ખેર, કુદરતી તેમજ માનવ સર્જિત! મૂળે અને મુદ્દલે...!કુદરતી આફત કારણઃ ભૂકંપ, પૂર, ચક્રવાત, દુષ્કાળ! લક્ષણઃ અનિવાર્ય, અચાનક, વ્યાપક! ઉપાયઃ આગાહી, સુરક્ષિત આયોજન, ઝડપી રાહત અને પુનર્વસન! પરિણામઃ સમાજમાં એકતા અને સહકાર વધે! અલબત,માનવ સર્જિત આફત કારણઃ ઔદ્યોગિક અકસ્માત, પ્રદૂષણ, બેદરકારી, ભ્રષ્ટાચાર, યુદ્ધ! લક્ષણઃ પરિહાર્ય, જવાબદારી નિશ્ચિત, લાંબી અસર! ઉપાયઃ કડક નિયમન, ગુણવત્તા નિયંત્રણ, નૈતિકતા અને જવાબદારી! પરિણામઃ અવિશ્વાસ, આર્થિક નુકસાન અને સામાજિક તિરાડ! અત્રે સ્પષ્ટ સત્યઃ કુદરત આપણને સંતુલનનો પાઠ ભણાવે છે.માણસ પોતાની ભૂલથી પોતાને જ સજા આપે છે!એટલે એ વાસ્તે પણ ઉકેલ એક જ - પ્રકૃતિનું સન્માન કરો અને કર્મની જવાબદારી સ્વીકારો! તો જ ભવિષ્ય સુરક્ષિત!

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

### વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં ભારતના શહેરો ક્યાં છે?

ઈકોનોમીસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટના ગ્લોબલ લિવેબિલિટી ઈન્ટેક્સ- 2026 ના અહેવાલ અનુસાર વિશ્વના ટોચના એકસો રહેવા લાયક શહેરોની યાદીમાં ભારતના એક પણ શહેરનો સમાવેશ થતો નથી. લિવેબિલિટી ઈન્ડેક્સ-2026 અનુસાર દિલ્હી છેક 120 મા ક્રમે આ રિપોર્ટ અનુસાર આવે છે. રહેવા લાયક શહેરોના મૂલ્યાંકન માટે વિવિધ માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. તદ્અનુસાર જે તે શહેરમાં સ્વાસ્થયને લગતી સેવાઓ , એજ્યુકેશન તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી સુવિધાઓ , સંસ્કૃતિ અને પર્યાવરણ , સ્થિરતા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. 2026 ના વર્ષમાં દુનિયાના 173 શહેરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શહેરોનું મૂલ્યાંકન કરતી વખતે જે તે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કેવી છે ? શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધુ છે કે ઓછું ? આતંકવાદ અને આંતરિક સુરક્ષા જેવી બાબતો ધ્યાનમાં લેવાતી હોય છે. એક માપદંડ શિક્ષણને લગતો પણ છે. શહેરમાં રહેતા લોકો માટે શિક્ષણની ઉપલબ્ધતા બરાબર છે કે કેમ તથા શહેરમાં આવેલી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની ક્વોલિટી કેવી છે તે પણ જોવામાં આવે છે. શહેરમાં રસ્તાઓ કેવા છે ? જાહેર પરિવહનની સુવિધા કેવી છે ? રહેઠાણની ગુણવત્તા કેવી છે ? વીજળી અને પાણીની પર્યાપ્તતા છે કે કેમ ? વગેરે પણ ધ્યાનમાં લેવાય છે. 21 મી સદીને અનુરૂપ ઈન્ટરનેટ અને ટેલિકોમની સુવિધા કેવી છે તે પણ ધ્યાનમાં લેવાય છે. શહેરમાં રહેતા લોકો માટે આરોગ્યને લગતી સુવિધાઓ જેવી કે જાહેર આરોગ્ય વ્યવસ્થા , હોસ્પિટલોની ગુણવત્તા , આરોગ્ય સેવાની ઉપલબ્ધતા અંગે પણ મૂલ્યાંકન કરવામાં આવે છે. દુનિયાના રહેવા લાયક શહેરોમાં ડેનમાર્ક દેશનું કોપનહેગન શહેર સૌથી પ્રથમ છે. પ્રથમ એકસો રહેવા લાયક શહેરોમાંથી આપણા દેશનું એક પણ શહેર નથી એ આપણા માટે શરમજનક બાબત છે. વિશ્વમાં દિલ્હી 120 મા ક્રમે , મુંબઈ 121 મા , ચેન્નાઈ 123 મા અને બેંગ્લોર 127 મા ક્રમે છે. દુનિયાના રહેવા લાયક સ્થળો માટે જે માપદંડો નક્કી કરવામાં આવ્યા છે તેના પર પ્રજાના હિતમાં ધ્યાન આપવાની તાતી આવશ્યકતા છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### સિનિયર સિટીઝનો માટે એપાર્ટમેન્ટમાં રહેવું મુશ્કેલીભર્યું

આજે લાખો રૂપિયાના ખર્ચે લોકો એપાર્ટમેન્ટમાં રહેવા જાય છે.કારણ કે સોસાયટીઓનાં મકાનો બહુ મોંઘા પડે છે.એપાર્ટમેન્ટ શરૂઆતમાં લોકોને સગવડોથી આકર્ષિત કરે છે,પરંતુ જેમ સમય પસાર થાય છે તેમ લોકોને અનુભવો થતા જાય છે.હાઈરાઈઝ એપાર્ટમેન્ટમાં દસ,બાર કે તેથી વધુ માળ હોય છે.તેમાં લિફ્ટની સગવડ હોય છે પરંતુ જ્યારે લિફ્ટ બગડી જાય છે ત્યારે સિનિયર સિટીઝનોની હાલત કફોડી થાય છે.જ્યાં dgvcl છે ત્યાં છાશવારે પાવરકટ થતા હોય છે.તેવા સમયે દાદર ચઢવું અઘરું થઈ પડતું હોય છે.તાજેતરમાં વધુ વરસાદ વરસ્યો ત્યારે ચોવીસ કલાક સુધી પાવર બંધ રહ્યો અને લિફ્ટમાં પાણી ભરાઈ જવાના કારણે લિફ્ટ બંધ રાખવી પડી.પીવાના વાપરવાની પાણીની તંગી પડી.ગૃહિણીઓ એવી વાતો કરતાં નજરે પડી કે અનાજ કે શાકભાજી હોય પણ પાણી વગર રસોઈ કેવી રીતે બનાવવી. દૂધ ન મળવાના કારણે લોકો ચ્હા વગર રહ્યા.જેનો ગેસનો બોટલ કે પાણીનો બોટલ આવી શક્યો ન હોય તે કેટલા હેરાન થાય.સુરત જેવી સ્માર્ટ સીટીમાં પણ આવું થતું હોય તો નાના નગરોની તો વાત જ શું કરવી? શહેરમાં ભરાયેલું પાણી તો જતું રહેશે પણ રોગચાળાથી બચવાનું છે.

**સુરત - પ્રવિણ પરમાર**

### સુરતની ખાડી પુર સમસ્યાનો કાયમી ઉકેલ લાવો

દર વર્ષે ચોમાસામાં ખાડી પુર તેમજ શહેરનાં નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ ના પાણી ભરાઈ જાય છે. ખાડી પૂરના કાયમી ઉકેલ માટે સરકાર શ્રી એ 500 કરોડ નું પેકેજ જાહેર કર્યું છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા પૂરના પાણી ના ઉકેલ માટે તજજ્ઞ ની નિમણુક કરી તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરવી જોઈએ. વરસાદના પાણી નીચાણવાળા વિસ્તારોમાં ભરાઈ ન જાય તે માટે આગોતરું આયોજન કરવામાં આવે છે. કુદરતી આપત્તિ સામે બધા જ લાચાર છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે તેના માટે પણ ચોક્કસ આયોજન કરવાની જરૂર છે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

### સુરતમાં પાણી કે પાણીમાં સુરત આ વિડમણા કોણ સમજી શકે છે

સુરતની સમસ્યા માટે વિઘ્નહર્તા જવાબદાર નથી. જવાબદાર હોય તો માત્ર ને માત્ર સુરતના મતદારો અને લોકતંત્રના સેવકો આ પરિસ્થિતિના નાયક ગણવા કે ખલનાયક ગણવા તે સિવાય બીજા પરનાં આંક્ષેપ પાયા વિહોણા છે. આ લખાઈ છે ત્યારે ઘણા તર્ક કરતા હશે અધિકારી કેમ બાકાત ગણ્યા છે. મિત્રો અધિકારીઓ ને કેવી રીતે કામ કરાવવા ક્યાં કેટલું કેટલા સમયમાં કાર્ય પૂર્ણ કરવું અને કઈ દિશામાં કાર્ય કરાવવું કેટલાં બજેટમાં કરાવવું આ તમામ બાબત મુખ્યત્વે સુરતીલાલાઓ વર્ષોથી જે મતદાન કરીને સતત સત્તા પર બેસાડી ને જેમના હાથે ચવાણું જલેબી ફાફડા ખમણ ખાતા આવ્યા છે. તેનું આ નક્કર પરિણામ છે. આ મોસમમાં કદરૂપા સુરતની હાલતને જોવા માટે સુરતમાં મુખ્યમંત્રી ગૃહમંત્રી કેન્દ્રીય મંત્રીઓ જે તે વિસ્તારમાં આવશે એટલે સાફ સુથરું થઈ જશે તે વાત સો ટકા સાચી પણ તેઓ ભગવાન નથી આવશે અને પરિસ્થિતિ કાયમી સુધરી જશે. હા આ વાત સત્ય છે કે સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવશે. અને સારું બતાવવાનો પ્રયત્ન તંત્ર કરશે. પરંતુ ફરી વરસાદ પડતા પાણીના નિકાલની વ્યવસ્થા માટે શું? કાયમી બજેડ તો કાયમી ઉકેલ કેમ બાકી છે?

સુરતમાં પાણી નથી આ તો પાણીમાં સુરત ઉભું છે. દરેક ચૂંટણી સમયે સરદાર માર્કેટમાં નાગરિકો અવર જવર કરે છે. એના મેનેજમેન્ટ માટે મોટા સરદારો બેઠા છે.તે સુરતમાં પાણી ભરાવાના વિષય પરથી ખ્યાલ અને ચર્ચાનો વિષય બન્યો છે. સરદાર ધામ માટે આંક્ષેપ બાજી કરતા ઉચ્ચ વર્ગના વેપારીઓ રાજકારણીઓ ટ્રસ્ટ મંડળના સભ્યો સુરતમાં બેઠાં છે.એકવાર પાણીવાળા વિસ્તારમાં ઉભા રહીને ખુશ્બુ સરદાર કી આવી બોલવાની હિંમત કરશે ખરા.? જો હિંમત હોય તો લિંબાયત અને ખાડીપુર વિસ્તારમાં ડ્રેનેજ વિભાગ ફેલ ત્યાં ઉભા રહીને મેરા સુરત મેરા સરદાર બોલવું જોઈએ.હાલની મહાનગર પાલિકાની ચૂંટણી પછી પદ( સત્તા )માટે જે પ્રમુખ પદ પર બેસાડવા માટે લાગેલું મોટું બેનર ઉચકીને ગરીબ માણસ પોતાના દરવાજા સુધી પાણી ન ભરાય તે માટે આડુંઘરવાનો પ્રયત્ન કરે છે.ત્યાંથી આ નરી વાસ્તવિકતા ખબર પડે છે. શું સુરત ખરેખર ભારતમાં મોડેલ છે?

**સુરત - હરિશ ચૌધરી**